

વંદન-અભિનંદન - વિક્રમ સંવંત વર્ષ-૨૦૭૧ના મંગલાચરણે વહેલી પ્રભાતે રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે ગાંધીનગરના ગ્રામદેવતા પંચદેવ મંદિરે પહોંચી પંચદેવોની આરતી ઉતારી હતી... નિવાસસ્થાને મુલાકતીઓ સાથે શુભેચ્છાનું આદાનપ્રદાન કરી મુખ્યમંત્રીશ્રીએ નૂતન વર્ષના અભિનંદન પાઠવ્યા હતા.

# રાજ્યના નવા મુખ્ય સચિવની નિમણુંક આગામી સપ્તાહમાં

ગાંધીનગર, તા. ૨૬

રાજ્યના નવા મુખ્ય સચિવની નિમણુંક આગામી બે-ત્રણ દિવસમાં જ કરી દેવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

રાજ્યના મુખ્ય સચિવ પદેથી વય નિવૃત્ત થયેલા વરેશ સિન્હાને બે વાર આ પદ પર એક્ષટેન્શન આપવામાં આવ્યું હતું. વરેશ સિન્હાની મુદત ૩૦ મી ઓક્ટોબરના રોજ પુરી થતી હોઈ આ પદ પર નવા મુખ્ય સચિવની નિમણુંક ૨૯ મી ઓક્ટોબરના સાંજ સુધીમાં કરી દેવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

મુખ્ય સચિવ પદ માટે ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ એસ.કે. નંદા સિનીયોરીટી પ્રમાણે પ્રથમ દાવેદાર છે અને તેમની જ નિમણુંક મુખ્ય સચિવ તરીકે કરવામાં આવે તેવી પુરી શક્યતાઓ સેવાઈ રહી છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ તરીકે ફરજ બજાવતા ડી.જે. પાંડીયનને પણ હવે વય નિવૃત્તી આડે માત્ર એક વર્ષ જેટલો જ સમય બાકી રહ્યો છે જ્યારે હસમુખ હઢીયાને કેન્દ્ર સરકારમાં ડેપ્યુટેશન પર લઈ જવામાં આવનાર હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી સપ્તાહમાં જ રાજ્યના નવા મુખ્ય સચિવની નિમણુંક કરવા સાથે ઉચ્ચ સનદી અધિકારી સંવર્ગની કેટલીક ખાલી પડેલી જગ્યાઓ ભરવા માટે બઢતી અને બદલીનો દોર હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ચાર થી પાંચ જેટલા સચિવોને પણ અગ્ર સચિવ પદે પઢતી આપવા માટેની પ્રક્રિયાઓ સામાન્ય વહીવટ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

નવા મુખ્ય સચિવની નિમણુંક બાદ રાજ્યના વહીવટીતંત્રમાં પણ બદલી અને બઢતીનો દોર હાથ ધરીને ધરખમ ફેરફારો કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.



શ્રદ્ધાનું ઘોડાપુર - ગાંધીનગર સ્થિત વિશ્વપ્રસિદ્ધ અક્ષરધામના આંગણે છેલ્લા ત્રણ દિવસથી શ્રદ્ધાનું ઘોડાપુર આવે છે... રાજ્ય અને રાજ્ય બહારથી હજ્જારો ભાવિકો અક્ષરધામના દર્શને આવે છે... મેળાનો માહોલ છે... હરિદર્શન સાથે સાથે અદ્યતન ટેકનોલોજી સાથેના પ્રદર્શનનો લાભ મેળવવા પણ ભારે ભીડ જામે છે... તો સાથેસાથે રાત્રે વૉટર-શૉ નિહાળવા પણ ભાવિકો સેંકડોની સંખ્યામાં ઉમટે છે... અક્ષરધામના આંગણે પધારતા હજારો ભાવિકો પોતપોતાના વાહનોમાં આવે છે ત્યારે ગાંધીનગરનો ટ્રાફીક પણ બેવડાય છે... અક્ષરધામ પાસેના પાર્કીંગ પ્લોટની તસવીર પણ દર્શનાર્થીઓની સંખ્યા દર્શાવે છે...અક્ષરધામને દીવાથી રાત્રે શણગારાય છે ત્યારે પણ એક દિવ્ય વાતાવરણ નિર્માણ થાય છે... ગાંધીનગરનો મહિમા જેટલો રાજકીયક્ષેત્રે છે તેના કરતા વધુ આધ્યાત્મિક ક્ષેત્રે અને સાંસ્કૃતિક ક્ષેત્રે છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# આ સપ્તાહે જિલ્લા પંચાયતમાં ભાજપ વધુ એક સમિતિ પર પોતાનો કબ્જો જમાવશે

## બુધવારે મહિલા અને બાળ કલ્યાણ વિકાસ સમિતિના ચેરમેન સામે અવિશ્વાસનો પ્રસ્તાવ રજુ કરવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ભાજપ આ સપ્તાહે વધુ એક સમિતિ પર પોતાનો કબ્જો જમાવશે. મહિલા અને બાળ કલ્યાણ વિકાસ સમિતિના ચેરમેન સામે બુધવારે અવિશ્વાસનો પ્રસ્તાવ રજુ થશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં પ્રમુખ શ્રીમતી હિના પટેલ અને તેમના નવ સાથીઓએ કરેલા બળવા પછી આ ચોથી સમિતિ ભાજપની થશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં થયેલા સત્તા પરિવર્તન પછી પંચાયતની વિવિધ સમિતિઓ પર કબ્જો મેળવવામાં ભાજપ સફળતાપૂર્વક આગળ વધી રહેલ છે.

પંચાયતની શિક્ષણ સમિતિ અને કારોબારી સમિતી પર કબ્જો જમાવવા માટે ભાજપ હવે કઈ ચાલ ચાલે છે તેના પર સૌની નજર મંડાયેલી છે. વીસ મુદ્દા, ખેતીવાડી ઉત્પન્ન સહકાર સમિતિ પર કબ્જો મેળવી લીધો છે. જયારે આરોગ્ય અને બાંધકામ સમિતિ ભાજપ પાસે હતી. હવે મહિલા અને બાળ કલ્યાણ વિકાસ સમિતિ પણ તેને પ્રાપ્ત થશે.

પંચાયતમાં સમિતિઓ પર સત્તારૂઢ થયા પછી વહીવટીતંત્રમાં પણ કેટલાક મહત્વના ફેરફારો થશે તેમ મનાઈ રહ્યું છે. પંચાયતની કેટલીક મહત્વની યોજનાઓનો પ્રસાર વધુ અસરકારક રીતે બનાવી શકાય તે માટેની આગવી વ્યુહરચના તૈયાર કરવામાં આવી રહી હોવાનું સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

પંચાયતી રાજ વ્યવસ્થા થકી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ભાજપની પકકડ મજબુત બનાવવા પર નવી વ્યુહ રચનામાં વિશેષ ભાર મુકવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

# દિવાળીના પર્વોમાં ગાંધીનગર શહેર સુનુ-સુનુ બની ગયું

## વાહનોથી ધમધમતા માર્ગો સુમસામ બન્યા, આજથી કચેરીઓ શરૂ થતા ચહલપહલ વધશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેર એ બહારથી આવીને વસેલાઓનું શહેર ગણાય છે. જેથી તહેવારોમાં અહીં વસતા નગરજનો પોતપોતાના વતનમાં જતા હોય છે. જે આ શહેરની પરંપરા બની ગઈ છે. તે જ રીતે આ વર્ષે પણ દિપાવલીના મહાપર્વ ઉપર નગરજનો માદરે વતન ઉપડી જતાં સમગ્ર શહેરમાં સન્નાટો છવાઈ ગયો છે. વધુમાં સરકારી કચેરીઓમાં પણ મીની વેકેશનનું યોગાનુયોગ આયોજન થઈ જતાં શહેર ખાલી ખમ થઈ ગયું છે અને વાહનોથી ધમધમતા માર્ગો સુમસામ બની ગયા છે. જો કે આજથી સમગ્ર કચેરીઓનું કામકાજ શરૂ થશે જેથી



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

● અનુસંધાન પાન-૭ પર

ભ્રષ્ટાચાર
ને નાબૂદ કરવા માટે અમને જોઈએ છે આપનો
સહયોગ
અમારા વિભાગને પારદર્શક અને ભ્રષ્ટાચાર મુક્ત બનાવવા અમને સહાયતા કરો
સતર્કતા
જાગરુકતા સપ્તાહ
૨૭ ઓક્ટોબર, ૨૦૧૪ થી ૧ નવેમ્બર, ૨૦૧૪
ફરિયાદોને ઓછી કરવા માટે વિભાગો દ્વારા શરૂ કરવામાં આવેલ ટેકનીકલી અને અન્ય પહેલ
● રિફંડ બેંકર યોજના ● વિવરણીયોની ઈ-ફાઈલીંગ અને રાષ્ટ્રીકૃત પ્રોસેસીંગ ● ટી.ડી.એસ. વિવરણિયોની ઈ-ફાઈલીંગ ● કરો ઈ-ચૂકવણી
● સુદૃઢ, પરસ્પર સંવાદાત્મક અને સુચનાપ્રદ વેબસાઈટ (www.incometaxindia.gov.in) ● ફરિયાદોના નિવારણ માટે આયકર લોકપાલ ● આયકર સંપર્ક કેન્દ્ર (ટોલ ફ્રી નં. ૧૮૦૦-૧૮૦-૧૦૬૧)
ફરિયાદકર્તાનું નામ ગુપ્ત રાખવામાં આવશે.
ભ્રષ્ટાચરાથી જોડાયેલા મામલાની ફરિયાદ માટે કૃપા કરીને નીચે દર્શાવેલનો સંપર્ક કરો.
કેન્દ્રીય સતર્કતા આયુક્ત
સતર્કતા ભવન, જી.પી.ઓ. કોમ્પ્લેક્સ, એ-બ્લોક, આઈ.એન.એ., નવી દિલ્હી-૧૧૦૦૨૩
ફોન : ૦૧૧-૨૪૬૦૦૨૦૦, ફેક્સ : ૦૧૧-૨૪૬૫૧૦૧૦
આવકવેરા મહાનિદેશાલય (સતર્કતા) અને મુખ્ય સતર્કતા અધિકારી
પહેલો માળ, દયાલસિંહ પબ્લિક લાઈબ્રેરી બિલ્ડીંગ, ૧, દીન દયાલ ઉપાધ્યાય માર્ગ, નવી દિલ્હી-૧૧૦૦૦૨
ફોન : ૦૧૧-૨૩૨૩૫૪૬૭, ફેક્સ - ૦૧૧-૨૩૨૩૨૮૯૭
આવકવેરા નિદેશક (સતર્કતા), ઉત્તર
૧૮૩, પહેલો માળ, સી.આર. બિલ્ડીંગ, આઈ.પી. એસ્ટેટ, નવી દિલ્હી-૧૧૦૦૦૨, ફોન : ૦૧૧-૨૩૩૭૦૫૫૮, ફેક્સ : ૦૧૧-૨૩૩૭૮૮૫૫
સામેલ સીસીઆઈટી : દિલ્હી, લખનઉ, કાનપુર, એનડબલ્યુઆર
INCOME TAX DEPARTMENT
આવકવેરા વિભાગ
www.incometaxindia.gov.in
આવકવેરા નિદેશક (સતર્કતા), પશ્ચિમ
ત્રીજો માળ, આયકર ભવન, એમ.કે. રોડ, મુંબઈ-૪૦૦૦૨૦, ફોન : ૦૨૨-૨૨૦૧૫૮૩૯, ફેક્સ : ૦૨૨-૨૨૦૭૮૮૩૧
સામેલ સીસીઆઈટી : મુંબઈ, અમદાવાદ, પુણે, નાગપુર, જયપુર, ભોપાલ
આવકવેરા નિદેશક (સતર્કતા), દક્ષિણ
આયકર ભવન, આઠમો માળ, એનેક્સી બિલ્ડીંગ, ૧૨૧, એમ.જી. રોડ, નુંગમબક્કમ, ચેન્નાઈ-૬૦૦૦૩૪, ફોન : ૦૪૪-૨૮૩૩૮૩૮૦
ફેક્સ : ૦૪૪-૨૮૩૩૮૩૭૯, સામેલ સીસીઆઈટી : બેંગ્લોર, કોચીન, ચેન્નાઈ, હૈદ્રાબાદ
આવકવેરા નિદેશક (સતર્કતા), પૂર્વ
આયકર ભવન, પી-૭, ચૌરંગી સ્કવૈર, કોલકાતા-૭૦૦૦૬૯, ફોન : ૦૩૩-૨૨૧૩૬૬૭૨, ફેક્સ : ૦૩૩-૨૨૧૩૬૫૬૭
સામેલ સીસીઆઈટી : કોલકાતા, ભુવનેશ્વર, ગુવાહાટી, પટના
davp15401/13/0049/1415

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com